# જી.જી. હોસ્પિટલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



જામનગર : ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે વિશેષ યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં હોસ્પિટલના ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ તેમજ અન્ય કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ યોગાભ્યાસ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન પ્રશિક્ષિત યોગ નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનની ક્રિયાઓ કરવામાં આવી હતી. ઉપસ્થિતોને યોગના શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય પર થતા સકારાત્મક પ્રભાવ અંગે માહિતી આપવામાં આવી હતી. યોગ દ્વારા તણાવમુક્ત જીવન, રોગપ્રતિકારક શક્તિમાં વધારો અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાના મહત્વ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે હોસ્પિટલના અધિકારીઓએ સૌને નિયમિત યોગ કરવા અને આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવા અપીલ કરી હતી. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ અને પ્રેરણાદાયી વાતાવરણમાં સંપન્ન થયો હતો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી દ્વારા જી.જી. હોસ્પિટલ પરિવાર દ્વારા "એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ"ના સંદેશને સાર્થક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## દ્વારકામાં સાયબર જાગૃતિ, મહિલા સુરક્ષા અને કાનૂની માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



દ્વારકા : ઓપરેશન સુરક્ષિત સાયબર શકિત અંતર્ગત દ્વારકા પોલીસ દ્વારા તાજેતરમાં દ્વારકાના ધ દ્વારિકા હોટેલના બેન્કવેટ હોલમાં વિદ્યાર્થીઓ અને મહિલાઓ માટ સાયબર જાગૃતિ, મહિલા સુરક્ષા અને કાનૂની માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવેલ. કાર્યક્રમમાં સાયબર ફ્રોડ, ઓનલાઈન છેતરપિંડી, સોશ્યલ મીડીયા સુરક્ષા, પોકસો કાયદો, ગુડ ટચ બેડ ટચ, મહિલા સુરક્ષા અને કાનૂની અધિકારો અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ ડી.એલ.એસ.એ. કર્મચારીઓ દ્વારા મફત કાનૂની સહાય અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

# જામનગર ITRA દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



જામનગર : આયુષ મંત્રાલય હેઠળ કાર્યરત ઈછ જામનગર દ્વારા ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસે કોમન યોગ પ્રોટોકોલ અભ્યાસનું આયોજન ધન્વંતરી મેદાન ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં સંસ્થાના ડાયરેક્ટર પ્રો. ડૉ. તનુજા નેસરીની અધ્યક્ષતામાં અને શ્રી કૃષ્ણ પ્રણામી સંપ્રદાયના લક્ષ્મણ દેવ સ્વામીજીના અતિથિ વિશેષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો, કર્મચારીઓ, ઊંજીહ્વના જવાનો, WHO - GTMCના, કર્મચારીઓ, ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટીના સભ્યો અને જાહેર જનતા સહિત માતબર સંખ્યામાં ૨૦૦૦થી વધુ લોકોએ યોગાભ્યાસ કર્યો હતો. અભૂતપૂર્વ પ્રતિસાદ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ યોગ મુદ્રાઓ થકી યોગને આત્મસાત કરવાનો પ્રયાસ કર્યો હતો. યોગ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલા 'યોગ ફ્યૂઝન' થકી સંગીત અને યોગ સંગમ કરી અવિસ્મરણીય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલી યોગની પહેલની વૈશ્વિક યાત્રાને પ્રદર્શિત કરતી ઝાંખી સ્વરૂપે ઓડિયો-વિડિઓ માધ્યથી "યોગ હું થી હું નો સંગમ" પણ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. જામનગર માટે ગૌરવની ક્ષણ છે કે ઈછ અને તેની ટીવી ચેનલ છદ્ગઝ્ર ટીમ પ્રયાસોથી પ્રો. વૈદ્ય મનોજ નેસરી દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

# બાગાયત ખાતાની નવી યોજનાઓનો મહત્તમ લાભ લેવા જિલ્લાના ખેડૂતોને અનુરોધ

જામનગર : ગુજરાત સરકારના બાગાયત ખાતા હેઠળ મંજૂર થયેલ નવી યોજનાઓનો જિલ્લાના બાગાયતદાર ખેડૂતો મહત્તમ લાભ મેળવી શકે તે હેતુથી 'આઇ-ખેડૂત પોર્ટલ ૨.૦' ખુલ્લું મૂકવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે આ પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ મેળવવા માટે અગાઉ તા. ૨૦/૫ થી તા. ૧૯/૬ સુધીની મુદત નક્કી કરવામાં આવી હતી, જેમાં ખેડૂતોના હિતમાં વધારો કરીને હવે અરજી કરવાની છેલ્લી તારીખ ૯/૭ સુધી લંબાવવામાં આવી છે. ચાલુ વર્ષે બાગાયત ખાતા દ્વારા મુખ્ય બે નવી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, જેમાં બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ અને ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમ સામેલ છે.

આ યોજનાઓનો લાભ મેળવવા માટે ખેડૂતોએ સૌપ્રથમ આઇ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર નોંધણી કરાવવી અનિવાર્ય રહેશે, ત્યારબાદ જ ઓનલાઇન અરજી કરી શકાશે.

વર્ષ ૨૦૨૬-૨૭થી પોર્ટલ પર અગાઉ નોંધણી કરાવેલ તેમજ હવે પછી નવા નોંધણી થનાર તમામ ખેડૂતો માટે આધાર ઓથેન્ટિકેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. આધાર ઓથેન્ટિકેશનપ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવશે. અરજી કરતી વખતે માંગ્યા મુજબના તમામ જરૂરી આધાર-પુરાવાઓ અને કાગળો પોર્ટલ પર અપલોડ કરી અરજી કન્ફર્મ કરવાની રહેશે. ખેડૂતોએ અરજી કન્ફર્મ થયા બાદ તેની પ્રિન્ટ કાઢીને પોતાની પાસે સહીસલામત રાખવાની રહેશે. યોજનાની વહીવટી મંજૂરી મળ્યા બાદ, ખેડૂતોએ ક્લેઈમ સબમિટ કરતી વખતે આ પ્રિન્ટ પર સહી કરી, જરૂરી સાધનિક કાગળો સાથે દિન-૭ (સાત દિવસ) માં જિલ્લાની નાયબ બાગાયત નિયામકની કચેરીએ જમા કરાવવાની રહેશે.

યોજના અંગેની વધુ વિગતો માટે ખેડૂતો પોતાના તાલુકાના બાગાયત અધિકારીશ્રીનો સંપર્ક કરી શકે છે અથવા આઇ-ખેડૂત પોર્ટલની સત્તાવાર વેબસાઈટ www.ikhedut.gujarat.gov.in પર મુલાકાત લઈ શકે છે. આ ઉપરાંત રૂબરૂ કે ટેલિફોનિક માહિતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, જિલ્લા સેવા સદન-૪, પ્રથમ માળ, રૂમ નં. ૪૮, સુભાષ પુલ પાસે, જામનગર ફોન નં. ૦૨૮૮-૨૫૭૧૫૬૫ નો સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામક, જામનગરની યાદીમાં જણાવાયું છે.

## ચેક પરત કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા

જામનગર : જામનગરમાં રૂપિયા બે લાખની રકમનો ચેક પરત ફરવાના કેસમાં અદાલતે આરોપીને એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે.

જામનગરમાં રહેતા જાડેજા દિગુભા ગજુભાં પાસેથી નકુમ જીતેન્દ્રભાઈ પરસોત્તમભાઈ મિત્રતા અને સંબંધના દાવે રૂપિયા બે લાખ રૂપિયા ઉછીના લીધા હતાં. જેની પરત ચુકવણી માટે જીતેન્દ્રભાઈ નકુમ એ ચેક આપ્યો હતો તે ચેક બેંકમાંથી પરત ફરતા પરત ફરતા દિગુભા જાડેજાએ જામનગરની અદાલતમાં ધી નગોશીએબલ ઈ-ન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ મુજબ કેશ દાખલ કર્યો હતો.

જે કેસ એડીશનલ ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ બી.આર. દવેની અદાલતમાં ચાલી જતાં આરોપી જીતેન્દ્ર નકુમને એક વર્ષની સાદી કેદની સજા તથા બે લાખ રૂપિયા દંડ ફરીયાદીને એક માસમાં ચુકવી આપવાનો હુકમ કરેલ છે. દંડની રકમ ચુકવવામાં આઆરપી કસુર કરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો પણ હુકમ કરેલ છે. આ કેસમાં ફરિયાદી તરફે વકીલ ચંદ્રકાંત ઠાકર રેકાયા હતા.

# જામનગર જિલ્લા ફરિયાદ સમિતિની બેઠકમાં વિકાસના પ્રશ્નોની રજૂઆત કરતાં પૂર્વકૃષિમંત્રી

જામનગર : જીલ્લા કલેકટર કચેરી ખાતે યોજવામાં આવેલ જીલ્લા ફરીયાદ સમિતીની બેઠકમાં ધારાસભ્યએ જામનગર જીલ્લાના અલગ-અલગ વિભાગના ચાલુ અને પેન્ડીગ પ્રશ્નો રજુ કરેલ હતા જેમાં મુખ્યત્વે સિંચાઇ, માર્ગ અને મકાન, જમીન, એસ.ટી., પાણી પુરવઠા, પી.જી.વી.સી.એલ., ડી.આઇ.એલ.આર.. મત્સ્ય વિભાગ, ફોરેસ્ટ વિભાગના જુદા-જુદા ગામોના પ્રશ્નો રજુ કરેલ હતાં.

જેમાં સિંચાઇ વિભાગના પ્રશ્ન અતંર્ગત ધ્રાંગડા ગામે કેનાલથી પશ્ચિમ બાજુ આવેલ ખેડુતોની જમીનમાં કેનાલ ચાલુ હોય ત્યારે ખેડુતો જઇ શકતા ન હોય પુલીયુ બનાવવા રજુઆત કરેલ., સુજલામ સુફલામ યોજનાના થયેલ કામોના બાકી પેમેન્ટ ચુકવવા. વાગડીયા જળ સિંચાઇ યોજમાનાં ડુબમાં ગયેલ ૧૨ જેટલા આસામીઓના મકાનોના બદલો/મકનાની ફાળવણી કરવી. ભંગડા તળાવનો કમાન્ડ એરીયા વધારવો જોઈએ.

જમીનના પ્રશ્નમાં મુખ્યત્વે ધ્રોલ તાલુકાના મોટા ગરેડીયા નાના ગરેડીયા રોડ પર માર્કિંગ કરવાનું કામ સત્વરે પુરૂ કરવું જેથી રોડનું કામ શરૂ થઇ શકે. ધુંવાવ ગામે સમસ્ત સતવારા ચેરીટેબલ ટ્રસ્ટની જમીનના નકશામાં તથા મોરકંડા ગામના નવા ગામતળની આકૃતિ કબ્જામાં ફેરફાર હોય ક્ષતિ સુધારવી. જે લોકોની રી-સર્વે પ્રમોલગેશન બાદની ક્ષતિ સુધારણા માટે માપણી થઈ ગયેલ છે તેની આગળની કાર્યવાહી કરી કામગીરી પુરી કરવી. ફલ્લા, રાવલસર અને મોરકંડા ગામના ગામતળની માપણી કરવી જોઈએ.

એસ.ટી. વિભાગમાં રાજકોટથી વરુડી માતાજીના મંદિરનો જુનો બસ રુટ ચાલુ કરવો જોઈએ. માર્ગ અને મકાન વિભાગના પ્રશ્નોમાં વાડીનાર રાજકોટ હાઇવે પરના ગામોના પાટીયા પાસે સ્પીડબ્રેકર મુકવા. મોટા ગરેડીયા નાના ગરેડીયાના રસ્તાનું અધુરૂ કામ પુરૂ કરવું. સીક્કા ગામથી સીક્કા પાટીયા સુધીનો રોડ રીપેર કરવો જોઈએ.

પાણી પુરવઠાના પ્રશ્નોમાં ચેલા-૨ ગામે તથા સોસાયટીઓમાં નવી પાઇપલાઇન નાખવી. દરેડ ગામની તક્ષશીલા સોસાયટીમાં શુધ્ધ પાણી આવતુ ન હોય શુધ્ધ પાણી આપવુ જરુરી છે. પી.જી.વી.સી.એલ. અતંર્ગત ખીમરાણા ગામે મોરાવાડી વિસ્તારના ૨૦૦ જેટલા ઘરોને જે.જી.વાય કનેકશન આપવું. ધ્રોલ તાલુકાના બીજલકા ગામે રહેણાંક વિસ્તારમાંથી ૧૧ કે.વી લાઇન ખસેડવી. નાઘુના,ઠેબા, દરેડ, ચેલા-૨, ગામે લો-વોલ્ટેજનો પશ્ન હોય, આ પ્રશ્નનો ઉકેલ લાવી નિયમિત વિજ પુરવઠો આપવો જોઈએ. જી.આઇ.ડી.સી. ઉદ્યોગકારોને માંગણી મુજબ નવા કનેકશન તથા લોડ વધારો આપવો કરવો જોઈએ.

જાડામાં સમાવેશ થતા ગામોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બનાવવામાં આવતા મકાનોનું પેમેન્ટ સમયસર કરવું જરુરી બને છે. જામનગર તાલુકાના વરણા ગામે આંગણવાડી માટે તથા પેટા આરોગ્ય કેન્દ્ર માટે નવું મકાન બનાવવું જોઈએ. જુના નાગના ગામે આંગણવાડીનું મંજુર થયેલ મકાનનું કામ ચાલુ કરવું જરુરી છે. જામનગર તાલુકાના ચેલા-૨ તથા દરેડ ગામે બીનખતી થયેલ સોસાયટીમાં પાણી, ગટર અને લાઇટની સગવડ આપવી જોઈએ. જામનગર તાલુકાના ડોર ટુ ડોર ઘન કચરા નિકાલની કામગીરી નિયમિત કરવી જરુરી છે.

આમ, જામનગર જીલ્લાના વિકાસને લગતા ૬૦ જેટલા પ્રશ્નો ધારાસભ્ય રાઘવજીભાઇ પટેલે રજુ કરેલ હતા. તેમજ આ ફરીયાદ સમિતિની બેઠકમાં મૌખિક પ્રશ્નો પણ રજુ કરેલ હતા. જેમાં પીજીવીસી એક., ફિસરીશ, જીલ્લા પંચાયત, જીલ્લા આયોજન વિ.ના પ્રશ્નો રજુ કર્યા હતા. જેમાં મોટા ભાગના પ્રશ્નોનો સ્થળ પર હકારાત્મક નિકાલ કરવામાં આવેલ અને બાકી રહેલ પ્રશ્નો ટુંક સમયમાં હાથ પર લઇ નિકાલ કરવા લગત વિભાગના અધિકારીઓને સુચના આપવામાં આવી હતી.

# જામનગરના ધારાસભ્ય દ્વારા દત્તક લેવાયેલા બાળકોને પોષણક્ષમ કીટનું વિતરણ



જામનગર : જામનગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા કુપોષણ મુક્ત સમાજના સંકલ્પને સાકાર કરવા માટે હાથ ધરાયેલ અભિયાનને નોંધપાત્ર સફળતા મળી રહી છે. જાન્યુઆરી ૨૦૨૩થી જૂન ૨૦૨૬ સુધીના સમયગાળામાં કુલ ૬૫૬ અતિ કુપોષિત બાળકોને દત્તક લઈ તેમની વિશેષ સારસંભાળ રાખવામાં આવી હતી, જેમાંથી ૫૯૮ બાળકોને સુપોષિત બનાવવામાં સફળતા પ્રાપ્ત થઈ છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૧૨ વર્ષ ના શુશાષનકાળ દરમિયાન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના કુપોષણ મુક્ત અભિયાનથી પ્રેરાઈ ધારાસભ્ય દિવ્યેશ અકબરીએ પોતાના જન્મદિન નિમિત્તે પોતાની વિધાનસભા વિસ્તારના અતિ કુપોષિત બાળકોને દત્તક લેવાની અનોખી પહેલ શરૂ કરી હતી. આ અભિયાન અંતર્ગત હાલમાં ૧૫૫ બાળકોની વ્યક્તિગત દેખરેખ રાખવામાં આવી રહી છે.

છેલ્લા સાડા ત્રણ વર્ષથી દર મહિને બાળકોને પોષણક્ષમ કીટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ઋતુમાં આવેલા બદલાવને ધ્યાનમાં રાખી તબીબોની સલાહ મુજબ કીટમાં જરૂરી ફેરફારો કરવામાં આવ્યા હતા, અને બાળકોના આરોગ્યને અનુકૂળ પોષણયુક્ત ખાદ્ય સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા દર મહિને વ્યક્તિગત રીતે બાળકોના ઘરે જઈ કીટનું વિતરણ કરવામાં આવે છે. સાથે જ બાળકોના વાલીઓ સાથે ચર્ચા કરી તેમના આરોગ્ય, વજન અને પોષણની સ્થિતિ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. આ સતત દેખરેખ અને અનુસરણના પરિણામે કુપોષણ સામેની લડતમાં નોંધપાત્ર સફળતા મળી રહી હોવાનું જણાવાયું હતું.

# જામનગરમાં ગંભીર પ્રસૂતિ પીડાથી પીડાતી ગાય અને વાછરડીનો સફળતાપૂર્વક જીવ બચાવાયો



જામનગર : જામનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કાર્યરત ૧૯૬૨ કરુણા એમ્બ્યુલન્સે ફરી એકવાર પોતાની ત્વરિત અને માનવતાભરી સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડીને એક અબોલ પશુ અને તેના નવજાત બચ્ચાનો જીવ બચાવી પ્રશંસનીય કામગીરી કરી છે.

જામનગરના ગ્રીન સિટી વિસ્તારમાં એક ગાયને પ્રસૂતિ દરમિયાન અચાનક ગંભીર તકલીફ સર્જાઈ હતી. આ અંગે સ્થાનિક રહેવાસી શ્યામભાઈ દ્વારા કરુણા એમ્બ્યુલન્સ હેલ્પલાઇન પર તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા અને સંવેદનશીલતા સમજીને કરુણા એમ્બ્યુલન્સની ટીમ મિનિટોની અંદર જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

સ્થળ પર પહોંચ્યા બાદ પશુચિકિત્સક ડૉ. ભગીરથ હડિયાએ ગાયની તબીબી તપાસ હાથ ધરતા માલૂમ પડ્યું હતું કે, ગાય 'ડિસ્ટોશિયા' નામની ગંભીર સ્થિતિમાંથી પસાર થઈ રહી છે. આવી કટોકટીભરી સ્થિતિમાં જો સમયસર વૈજ્ઞાનિક અને યોગ્ય તબીબી સારવાર ન મળે તો ગાય તેમજ તેના ગર્ભસ્થ બચ્ચા બંનેના જીવ ગુમાવવાનું ગંભીર જોખમ ઊભું થતું હોય છે.

પરિસ્થિતિની નાજુકતાને ધ્યાનમાં રાખીને પશુચિકિત્સક ડૉ. ભગીરથ હડિયા તથા કરુણા એમ્બ્યુલન્સના પાયલટ પીઠાભાઈ ભાટુએ કોઈપણ ક્ષણનો વિલંબ કર્યા વિના સ્થળ પર જ જટિલ પ્રસૂતિ પ્રક્રિયા શરૂ કરી હતી. ટીમે અત્યંત કુશળતા, ધીરજ અને વ્યાવસાયિક નિપુણતા સાથે જરૂરી સારવાર પૂરી પાડી હતી. ટીમના આ અથાગ અને સઘન પ્રયાસોના પરિણામે ગાયની સફળ ડિલિવરી થઈ હતી અને ગાયે એક સ્વસ્થ વાછરડીને જન્મ આપ્યો હતો. માતા અને બચ્ચું બંને સુરક્ષિત હોવાનું તબીબે જણાવ્યું છે.

આ સફળ અને જીવદાયી બચાવ કામગીરીને પ્રત્યક્ષ નિહાળી રહેલા ગ્રીન સિટીના સ્થાનિક રહેવાસીઓએ કરુણા એમ્બ્યુલન્સની ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો તેમજ અબોલ પશુઓ પ્રત્યેની તેમની અપ્રતિમ સંવેદનશીલતા, સમર્પણ અને નૈષ્ઠિક સેવાભાવની પ્રશંસા કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જામનગર મહાનગરપાલિકા વિસ્તારમાં દરરોજ સવારે ૮ વાગ્યાથી સાંજે ૮ વાગ્યા સુધી નિરંતર કાર્યરત કરુણા એમ્બ્યુલન્સ સેવા અકસ્માતગ્રસ્ત, બીમાર, ઈજાગ્રસ્ત તથા તાત્કાલિક સારવારની જરૂરિયાત ધરાવતા અબોલ પશુ-પક્ષીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આ હેલ્પલાઈન દ્વારા અત્યાર સુધીમાં અનેક અબોલ જીવોને નવજીવન પ્રદાન કરી "કરુણા" નામને સાચા અર્થમાં સાર્થક કરવામાં આવ્યું છે. કરુણા એમ્બ્યુલન્સની આવી સેવાકીય પ્રવૃત્તિઓ માત્ર પશુ કલ્યાણ પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર સમાજમાં માનવતા, કરુણા અને જીવદયા જેવા ઉમદા મૂલ્યોનું સિંચન કરી રહી છે.

# જામનગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ૧૨માં 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી



જામનગર : આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર તેમજ નિયામક આયુષની કચેરી, ગાંધીનગરની સૂચના અનુસાર અને જામનગરના જિલ્લા વિકાસ અધિકારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી, જામનગર દ્વારા ૧૨માં વિશ્વ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લા આયુર્વેદ અધિકારીની નિયંત્રણ હેઠળ કાર્યરત ૮ આયુર્વેદ અને ૪ હોમિયોપેથી દવાખાનાઓ દ્વારા જામનગર જિલ્લાના તમામ તાલુકાઓમાં વિવિધ સ્થળોએ વિશેષ યોગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચાલુ વર્ષે ìYOGA FOR HEALTHY AGEINGî ની વૈશ્વિક થીમ અન્વયે જિલ્લાના અલગ-અલગ સ્થળો જેવા કે, કાલિન્દી સ્કૂલ - જામનગર, રાજકુમાર શૈક્ષણિક સંકુલ - જામનગર, લતીપુર હાઈસ્કુલ, તાલુકા શાળા નાના વડાળા, તાલુકા શાળા મેઘપર, વાસજાળીયા પ્રાથમિક શાળા, શ્રી વિનય મંદિર હાઈસ્કૂલ - ધુંવાવ અને સણોસરી પ્રાથમિક શાળા ખાતે આયોજનો કરાયા હતા.

આ તમામ સ્થળોએ સંબંધિત દવાખાનાના મેડીકલ ઓફિસરઓ દ્વારા ઉપસ્થિત તમામ નાગરિકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓને 'કોમન યોગા પ્રોટોકોલ' મુજબ સુક્ષ્મ ક્રિયાઓ, વિવિધ યોગાસનો અને પ્રાણાયામનો સઘન અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. આ તકે તબીબો દ્વારા ઉપસ્થિત જનમેદનીને દૈનિક જીવનમાં સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે યોગનું મહત્વ અને તેની ઉપયોગીતા વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી યોગાસન અને આયુષ ઉપચારો અંગેની માહિતીસભર પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ, યોગાસનોની વિવિધ મુદ્રાઓ અને તેના ફાયદાઓ દર્શાવતા વિશેષ બેનરોનું પ્રદર્શન યોજીને બહોળો પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. જામનગર જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના નાગરિકો તેમજ ભાઈઓ-બહેનોએ આ તમામ યોગ શિબિરોમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વાસ્થ્યવર્ધક લાભ મેળવ્યો હતો.

